## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**પહેલી લહેરમાં સ્કુલ બંધ કરાવી બીજીમાં ભણ્યા વગર પાસ કરી દીધા.. એટલે ત્રીજી લહેર પછી એમને એમ નોકરી આપી દઈશું એમ ન સમજતા..!!**

# ગાંધીનગર શહેર-ગ્રામ્ય છેલ્લા અઠવાડીયામાં ૫૧૩૨ આરટીપીસીઆર ટેસ્ટ સામે એક પોઝીટીવ કેસ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા અઠવાડીયામાં ૫૧૩૨ વ્યકિતના આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ ટેસ્ટમાંથી માત્ર એક કેસ કોરોના પોઝીટીવ સામે આવ્યો છે. કોરોના કેસ ઘટતા આરોગ્ય તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

કોરોનાની બીજી લહેર નાગરીકોના માનસપટ પરથી ભુંસાતી નથી. તે સમયના દ્રશ્યો યાદ કરી નાગરીકો આજે પણ ઉંઘમાંથી ઉભા થઈ જાય છે. કોરોનાને પગલે અનેક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. કોરોનાની બીજી લહેરમાં ભયાનક સ્થિતિ ઉભી થઈ હતી. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાતી હતી.

હોસ્પિટલ બહાર એમ્બ્યુલન્સની લાંબી કતારો જોવા મળતી હતી. કેટલાક નાગરીકોએ ઓકિસજન તેમજ સારવાર સમયસર ના મળતા એમ્બ્યુલન્સમાં આખરી શ્વાસ લીધા હતા. ઓકિસજનના સિલીન્ડર લેવા માટે નાગરીકો રીતસરની દોડધામ કરી હતી. ત્યારે હાલ પણ નાગરીકોને સામાન્ય તાવ કે શરદી-ખાંસી હોય તો આરટીપીસીઆર ટેસ્ટ કરાવે છે. ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા અઠવાડીયામાં ૫૧૩૨ વ્યકિતના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ગાંધીનગર મેડીકલ કોલેજ લેબ ખાતે તમામ સેમ્પલના ટેસ્ટ થયા હતા.પરંતુ આટલી મોટી સંખ્યામાં ટેસ્ટ કરવા છતા માત્ર એક જ કોરોના પોઝીટીવ કેસ સામે આવ્યો હતો. જેથી કોરોના કેસની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાતા આરોગ્ય તંત્રએ રાહતની લાગણી અનુભવે છે.



ક્યારે કુદરત અજબ લીલા આચરે છે. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં વૃક્ષો પાંગરી શકે છે તે એસટી ડેપોમાં જોવા મળી રહ્યુ છે. અહીં લીમડાના ઝાડ ઉપર વડ અને પીપળો ઉગેલો જોવા મળી રહ્યો છે. કુદરતની આ અજબ લીલા ભારે અચરજ ફેલાવી રહી છે.

## લિંબડીયા હીરોના ગોડાઉનમાંથી સ્પ્લેન્ડર બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૦

અમદાવાદ બાપુનગર સ્થિત કર્ણાવતી હીરો બાઈક શો રૂમના લિંબડીયા ખાતે આવેલા ગોડાઉનમાં પતરાના શેડનું પતરુ ઉંચુ કરીને ગોડાઉનમાં પ્રવેશી બારીના નટ બોલ્ટ કાઢી દરવાજાનું તાળુ તોડી અંદર રહેલા બાઈકમાંથી સ્પ્લેન્ડર બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે રૂ.૪૮ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



વરસાદ ખેંચાતા માલધારીઓની ચિંતા વધી ગઈ છે. પશુઓને ઘાસચારો મળવો મુશ્કેલ બન્યો છે. માલધારીઓને ઘાસચારા માટે પોતાના માલ ઢોર લઈને ઠેર ઠેર ભટકવુ પડી રહ્યુ છે. વરસાદ ખેંચાશે તો માલધારીઓએ વધુ કઠીન પરિસ્થિતિમાં મુકાવવુ પડશે.

# વાસણા-પીરાણા રોડ પર અન્ય એક ડમ્પીંગ સાઈટ બની ગઈ!

### મુખ્ય રસ્તાની બાજુમાં કચરાના ઢગલા કરવામાં આવ્યા : ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા કચરો ઠાલવવામાં આવે છે : સ્થાનિક લોકો

અમદાવાદા, તા. ૧૦

શહેરના વાસણા-નારોલ રોડ પર આવેલી પિરાણા ડમ્પીંગ સાઈટમાં શહેર પરનો કચરો ઠાલવવામાં આવે છે. ત્યારે આ રસ્તા પર જ નારોલથી વાસણા જતા રસ્તા પર કેટલાંક ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા કચરો ઠાલવીને અન્ય એક ડમ્પીંગ સાઈટ બનાવી દેવામાં આવતા પસાર થતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

સૌથી વધારે નવાઈ પમાડે તેવી વાત એ છે કે ખુબ મોટા પ્રમાણમાં કચરો ઠાલવવામાં આવતો હોવા છંતાય તંત્રના ધ્યાનમાં આ ગંભીર બાબત આવતી નથી.

સમગ્ર અમદાવાદ શહેરનો કચરો પિરાણા ડમ્પીંગ સાઈટ પર ઠાલવવામાં આવે છે. આ કચરાને પ્રોસેસ કરીને ખાતર બનાવવામાં આવે છે, જેથી પિરાણાની ડમ્પીંગ સાઈટ પર લાગેલા કચરાના ઢગ દિવસે દિવસે ઓછા થાય. ત્યારે કેટલાંક કોન્ટ્રાકટરો દ્વારા ગેરકાયદેસર રીતે નિયત કરેલી ડમ્પીંગ સાઈટના બદલે કચરો અન્ય જગ્યાએ ઠાલવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

પીરાણાથી વાસણા તરફ જતા ગેરકાયદેસર ડમ્પીંગ સાઈટ બનાવી દેવામાં આવી છે. જ્યાં ખુબ મોટા પ્રમાણમાં કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ છેલ્લાં દોઢ મહિનાથી કેટલાંક ખાનગી કોન્ટ્રાકટરના વાહનો રાતના કે સાંજના સમયે આવે છે અને કચરો ઠાલવીને જતા રહે છે. દિવસો જતા હવે અહીયા કચરાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. પરિણામે અહીયાથી પસાર થતા વાહનચાલકો પણ સતત પરેશાન થઈ રહ્યા છે. કારણ કે અતિશય દુર્ગંધ સાથે રસ્તા પર પણ ગંદકી જોવા મળે છે.

સ્થાનિક લોકોએ આ અંગે પિરાણા ડમ્પીંગ સાઈટ ખાતે કેટલાંક અધિકારીઓને પણ આ બાબતે વાકેફ કર્યા હોવા છંતાંય તંત્ર દ્વારા નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આ પહેલા પણ વાસણાથી પિરાણા જતા કચરો ઠાલવવામાં આવતો હતો. જે અંગે અનેક રજુઆત થતા મ્યુનિસિપલ કોર્પોરેશને કચરો હટાવીને ત્યાં પાળી બનાવી હતી.

એક તરફ રાજ્ય સરકાર અમદાવાદ શહેરને સ્વચ્છતા સર્વેક્ષણમાં નંબર એક બનાવવામાં માંગે છે પણ શહેરના ઘણા વિસ્તારોમાં સ્વચ્છતાના નામે મીંડૂ હોય છે અને સ્વચ્છતાના અભાવે બિમારીનું પ્રમાણ વધે છે.

# આકાશ ઈન્સ્ટિટ્યૂટ ગાંધીનગરના ત્રણ વિદ્યાર્થીઓ ૯૯ ટકા સ્કોર સાથે ઉર્તીણ થયા

ગાંધીનગર, તા. ૧૦

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જેઈઈ મેઈન્સની જુલાઈમાં યોજાયેલી એક્ઝામના પરિણામો જાહેર કરવામાં આવ્યાં હતાં. જેમાં ગાંધીનગરની આકાશ ઈન્સ્ટિટ્યૂટના ૩ વિદ્યાર્થીઓએ ૯૯ ટકા અને તેનાથી વધારે સ્કોર કરીને સંસ્થા અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આ વર્ષે એન્જિનિયરિંગ માટે યોજાનારી ચાર સંયુક્ત પરીક્ષાઓ પૈકી આ ત્રીજી અટેમ્પ્ટ હતી. ૯૯ ટકા કે તેથી વધારે સ્કોર મેળવનારા વિદ્યાર્થીઓમાં સિદ્ધાર્થ મોય, જયરાજસિંહ ચાવડા અને અનુરાગ યાદવનો સમાવેશ થાય છે.

વિશ્વની સૌથી અઘરી પ્રવેશ પરીક્ષા ગણાતી ેંત્નઈઈને તોડવા માટે વિદ્યાર્થીઓ બે વર્ષના ક્લાસરુમ પ્રોગ્રામમાં આકાશ ઈન્સ્ટિટ્યૂટ સાથે જોડાયા હતાં. વિદ્યાર્થીઓએ જેઈઈ ટોપ પર્સન્ટાઈલની લિસ્ટમાં સ્થાન મેળવવા પાછળ વિદ્યાર્થીઓએ જેઈઈ એન્ટ્રેસ એકઝામનો કોન્સેપ્ટ અને ચુસ્તપણે લર્નિંગ સેડ્યુઅલને ફોલો કર્યું તેને આભારી છે. આ અંગે જણાવતા વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે અમે આકાશ ઈન્સ્ટિટ્યૂટના આભારી છીએ કે તેઓએ અમને બધાને અંત સુધી સાથે રહીને મદદ કરી. કદાચ આકાશ ઈન્સ્ટિટ્યૂટનું કન્ટેન્ટ અને કોચિંગ અમે ના લીધું હોત તો અમે ઘણાં બધા શોર્ટ ટર્મ વિષયોના કોન્સેપ્ટને સમજી ના શક્યાં હોત.

વિદ્યાર્થીઓને અભિનંદન આપવાની સાથે આકાશ એજ્યુકેશનલ સર્વિસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર આકાશ ચૌધરીએ કહ્યું કે અમે ત્રણ વિદ્યાર્થીઓને તેમના સરાહનીય સિદ્ધી માટે અભિનંદન પાઠવીએ છીએ. દેશભરમાંથી ત્નઈઈ મુખ્ય ૨૦૨૧ના ત્રીજા સત્ર માટે ૭ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ટોપ પર્સેન્ટાઈલ સ્કોરરમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓની સફળતા તેમના હાર્ડવર્ક, ડેડીકેશન અને માતા-પિતાના સપોર્ટને આભારી છે. અમે આ તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવીએ છીએ.

## નાની દસકોશી અઢાર ગામ વણકર સમાજના વિદ્યાર્થીઓ માટે ચોપડા વિતરણ

ગાંધીનગર તા.૧૦

નાની દસકોશી અઢાર ગામ વણકર સમાજના વિદ્યાર્થીઓ માટે તા.૬ઠ્ઠી ઓગસ્ટથી સવારે ૧૧થી સાંજના ૫કલાક દરમ્યાન વિનામુલ્યે ચોપડા વિતરણ ચાલી રહ્યું છે. ગાંધીનગરમા વસતા નાની દસકોશી વણકર જાતિ સમાજના વિદ્યાર્થીઓ માટે સમાજ દ્વારા વિનામૂલ્યે ચોપડા વિતરણનો પ્રારંભ કરાયો છે. આ લાભ લેવા ડી.એમ.પરમારે વધુ વિગત માટે ડી.એમ.પરમારના મો.નં ૯૫૭૪૧ ૨૨૦૨૩ પર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.



પવિત્ર શ્રાવણ માસમાં ભાવિકો શિવમય બનીને ભગવાન ભોળાનાથની આરાધનામાં લીન બની રહ્યાં છે. શહેરના સેક્ટર-૬ ખાતે ભુવનેશ્વર મહાદેવના મંદિરમાં ભસ્મ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતુ જેનો મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો.

## મહારાષ્ટ્ર વિધાનસભા ગૃહમાં પૂ. શિવકૃપાનંદ સ્વામીજીની ધ્યાન શિબિર

ગાંધીનગર, તા. ૧૦

કોરોના મહામારીના સંકટકાળમાં જ્યારે બધા લોકો પોતાના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે ત્યારે આવી પરિસ્થિતિમાં સામનો કરવા માટે ભારતીય સંસ્કૃતિમાં નિદર્શિત વિવિધ યોગ સાધનાના માધ્યમથી તણાવમુક્ત જીવન કેવી રીતે જીવી શકાય એ માટે દરેકે પ્રયાસ કરવા જોઈએ. તણાવમાંથી મુક્ત થવા ધ્યાનયોગના માધ્યમથી કે યોગસાધનાના માધ્યમથી જીવનને આરોગ્યપૂર્ણ રાખવા માટે સહુ પ્રયાસરત રહે તેમ જણાવતા શિવકૃપાનંદ સ્વામીજીએ કોરોનાકાળ અને પ્રાકૃતિક આફતને કારણે મૃત્યુ પામેલા લોકો માટે સંવેદના વ્યક્ત કરી હતી. સદગુરુ શિવકૃપાનંદ સ્વામીજીએ જણાવ્યું કે રાજનેતાઓએ જનકલ્યાણની સાથે આત્મકલ્યાણ અંગે પણ વિચારવું જોઈએ. દરરોજ ૩૦ મિનિટ સુધી ધ્યાન કરવું યોગ અને ધ્યાન માર્ગ મનુષ્યને મનુષ્ય સાથે જોડનારો એક ઉત્તમ માર્ગ છે. યોગના માધ્યમથી ભેદભાવ ઘટે છે. આ પણ સ્વામીજીએ માર્ગદર્શન આપ્યું હતું.

# ગિફ્ટ સિટી અને ઈન્ડિયા ઈન્સ્યોરટેક એસોસિયેશને વીમા ક્ષેત્રે ફિનટેકને પ્રોત્સાહન આપવા જોડાણ કર્યું

દેશના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી) ગિફ્ટ સિટીએ જાહેરાત કરી છે કે તેણે વીમા ક્ષેત્રે ફાઈનાન્સિયલ ટેક્નોલોજીને પ્રોત્સાહન આફવા માટે ઈન્સ્યોરટેક એસોસિયેશન (આઈઆઈએ) સાથે સહયોગ કર્યો છે. આઈઆઈએ એક નોટ-ફોર-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન છે, જે ભારતમાં ટેક-સંચાલિત ઈન્સ્યોરન્સ ઈકોસિસ્ટમની વૃદ્ધિની દિશામાં કામ કરે છે.

આ બંન્ને સંસ્થાઓ વીમા ક્ષેત્રે વિચારશીલ નેતૃત્વની રચના કરવા તેમજ ભારતીય અને વિદેશી વીમા કંપનીઓ વચ્ચે દેશના પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અંગે જાગૃતિ પેદા કરવા માટે સહયોગ કરશે. ગિફ્ટ-આઈએફએસસી અંગે જાગૃતિ ફેલાવવા માટે વિવિધ કાર્યક્રમો, ઈન્ફર્મેશન સિરિઝ, સેમિનાર અને કોન્ફરન્સનું આયોજન કરવામાં આવશે.

વધુમાં બંન્ને સંસ્થાઓ ગિફ્ટ-આઈએફએસસી માટે રેગ્યુલેટરી સેન્ડબોક્સ પ્રોજેક્ટ્સ ઉપર સંશોધન કરશે, જેનાથી ઈન્સ્યોરન્સ ટેક્નોલોજી સ્ટાર્ટ-અપ્સ, રિઈન્સ્યોરન્સ બિઝનેસ, રાજકારણીઓ, સર્વિસ પ્રોવાઈડર્સ અને વ્યક્તિઓને લાભ થશે.

ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ ઈકોસિસ્ટમના એક મહત્વપૂર્ણ પિલ્લર્સ તરીકે ઈન્સ્યોરન્સ સેક્ટર છે. ગિફ્ટ સિટીમાં વીમા ક્ષેત્રે કેટલીક અગ્રણી કંપનીઓ ઉપસ્થિતિ ધરાવે છે.

આઈઆઈએ સાથેના સહયોગથી અમે વિશ્વસ્તરીય ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ્સ અને સર્વિસિસ માટે વાઈબ્રન્ટ હબ બનવાની તેમજ આ સેગમેન્ટમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવાની આશા રાખીએ છીએ, તેમ ગિફ્ટ સિટીના મેનેજિંગ ડાયરેક્ટર અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું.

# દોઢ દાયકાથી વ્યાયામ, સંગીત અને ચિત્ર ઉમેદવારોની ભરતી ન થતાં ઉમેદવારોમાં રોષ

### ૨૮ ઓગસ્ટ સુધીમાં યોગ્ય નિવેડો નહી આવે તો ઉમેદવારો આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા.૧૦

રાજયમાં વર્ષોથી શિક્ષણ વિભાગ દ્વારા વ્યાયામ, સંગીત અન ચિત્ર વિષયના ઉમેદવારોની ભરતી કરવામાં આવતી નથી. રાજયમાં અન્ય વિષયોની સરખામણીમાં આ વિષયના ઉમેદવારોની ભરતી માત્ર ૨ થી ૪ ટકા કરાય છે. ત્યારે ગુજરાતમાં કારમી મોંઘવારીમાં અંદાજીત ૧૪ હજાર જેટલા ઉમેદવારો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. રાજયની શાળાઓમાં અંદાજીત ૮૦ ટકા જગ્યા ખાલી છે. તેમ છતા રાજય સરકાર દ્વારા વ્યાયામ, ચિત્ર અને સંગીતના શિક્ષકોની ભરતી કરાતી નથી. રાજય સરકારક દ્વારા તાત્કાલીક અસરથી ભરતી કરવામાં આવે તે માટે ઉમેદવારો દ્વારા મુખ્યમંત્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

રાજયમાં વર્ષ-૨૦૦૫ થી વ્યાયામ, સંગીત અને ચિત્ર



શિક્ષકોની ભરતી રાજય સરકાર દ્વારા કરવામાં આવી નથી. નવી શિક્ષણનિતીમાં પણ યોગ, સ્વાસ્થય અને શારીરીક શિક્ષણ વિષયન ફરજીયાત કરવામાં આવ્યો છે. ભારતના દરેક રાજયમાં તે નિયમનુ પાલન થાય છે પરંતુ ગુજરાતમાં કેમ થતુ નથી તે સમજાતુ નથી. તેમ છતા વ્યાયામ, ચિત્ર અને સંગીતના ૧૩ થી ૧૪ હજાર ઉમેદવારો બેરોજગાર છે. સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજમાં ૧૭૨ પીટીઆઈની જગ્યા ખાલી છે તે ઉપરાંત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકમાં જગ્યાઓ ખાલી હોવા છતા રાજય સરકાર દ્વારા ભરતી કેમ ભરવામાં આવતી નથી. તે ડીગ્રીધારક અને ટેટ, ટાટ, નેટ, સ્લેટ, જીસેટ પરીક્ષા પાસે કરેલા બેરોજગાર ઉમેદવારોને સમજાતુ નથી.છેલલા દોઢ દાયકાથી ઉમેદવારો વારંવાર લેખિત આવેદનો આપી ચુક્યા છે તેમ છતા કુંભકર્ણની નિંદ્રામાંથી તંત્ર જાગતુ નથી. મંગળવારના રોજ વ્યાયામ ઉમેદવારો દ્વારા રાજયના મુખ્યમંત્રી, ડે.સીએમ તેમજ શિક્ષણમંત્રીને આવેદન પત્ર સુપ્રત કરવામાં આવ્યું છે. જયારે ઉમેદવારોએ તા.૨૮ ઓગસ્ટ આંતર રાષ્ટ્રીય સ્પોર્ટસ ડે સુધીમાં યોગ્ય નિવેડો નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## નિર્ણય લેવાયો નથી

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

કેન્દ્રશાસિત પ્રદેશોને આ દિશામાં સતર્ક રહેવા જણાવ્યું છે. કેન્દ્ર તરફથી કહેવામાં આવ્યું છે કે તેણે આ લોકોની ઓળખ માટે કાયદા અમલીકરણ એજન્સીઓ ઉપરાંત ગુપ્તચર એજન્સીઓની મદદ લેવી. અત્રે ઉલ્લેખનીય છે કે એનસીઆર ના મુદ્દે ઘણો વિવાદ થયો છે. વિપક્ષ પણ આ અંગે સરકાર પર સવાલો ઉઠાવી રહ્યો છે. આરએસએસના પૂર્વ વડા મોહન ભાગવતે પણ આ અંગે નિવેદન આપ્યું છે. તેમણે આસામની મુલાકાત દરમિયાન આ મુદ્દે સ્પષ્ટતા પણ કરી હતી. તેમણે કહ્યું કે સીએએ અને એનસીઆર નો કોઈ ધાર્મિક આધાર નથી. આ દરમિયાન તેમણે વિપક્ષી દળો પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે વિપક્ષ આ મુદ્દે માત્ર પોતાના રાજકીય હિતોની જાળવણી કરી રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ આ બંને કેસોને કોમી રંગ આપી રહ્યા છે અને લોકોને આ મુદ્દે ઉશ્કેરવાનું કામ કરી રહ્યા છે. ભાગવતે આ સમય દરમિયાન એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે આ નાગરિકતા કાયદાના અમલ પછી દેશના કોઈ મુસ્લિમને કોઈ નુકસાન નહીં થાય. આ માત્ર તે લોકો માટે છે જે ગેરકાયદે ભારતમાં રહીને દેશના સંસાધનોનો ઉપયોગ કરી રહ્યા છે. આ દરમિયાન, તેમણે એનઆરસી અને સીએએ-આસામ અને ઈતિહાસની રાજનીતિ પર પુસ્તક સિટિઝનશિપ ડિબેટનું વિમોચન પણ કર્યું. ભાગવતે કહ્યું હતું કે આઝાદી પછી દેશની કમાન સંભાળનાર વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે દેશમાં રહેતા તમામ લઘુમતી સમુદાયોનું ધ્યાન રાખવામાં આવશે. આરએસએસ નેતાએ કહ્યું કે દેશની ભાજપ સરકાર પણ આને આગળ વધારવા માગે છે તેમણે એમ પણ કહ્યું કે જે દેશના નાગરિક છે તે દરેકને એનઆરસી વિશે જાણવાનો અધિકાર છે.

## ફુલો નિખરશે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ વર્ષે વરસાદ વિલંબમાં પડતા વાવણીની પ્રક્રીયા પણ મોડી થઈ હતી. જો કે શહેરી વિસ્તારમાં અંદાજિત ૧૭ હેકટરમાં વાવેતરની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ પ્લાન્ટેશન કરવામાં આવે છે. અગાઉ જ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. શહેરમાં હરિયાળા વૃક્ષો વચ્ચે વિવિધ માર્ગો આસપાસ રંગીન ફુલોની રોનક નિખરે તે મુજબ વનતંત્ર દ્વારા સમયાંતરે વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવે છે. રાજભવનમાં મંત્રી વિસ્તારના નિવારસ સ્થાન આસપાસ પણ નવા રોપાઓની વાવણી કરાશે. મંત્રી વિસ્તારમાં વનતંત્ર દ્વારા ૫૦૦ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. જેમાં કોડીયા, પેથોડીયા, ટબુલીયા, ખાયા સહીતના વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરાશે જેના અંતે મંત્રી વિસ્તારમાં લાલ, કેસરી, સફેદ રંગના ફુલો નિખરશે. આ ઉપરાંત આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારમાં પણ વનતંત્ર દ્વારા રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ નવા રોપાઓની વાવણી કરાશે.

## દાંડીકુટીર પાસે આઈ-૧૦ ગાડી ભટકાતા વિજપોલને નુકશાન

ગાંધીનગર શહેરના ખ માર્ગ પર આવેલ દાંડીકુટીરના ગેટ નંબર-૨ ની સામે ગતરોજ સાંજના સુમારે કાર ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી વિજપોલને ટક્કર મારી નુકશાન કર્યુ હતુ. બનાવ અંગે સેકટર-૭ પોલીસે રૂ.૫ હજારનું નુકશાન અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૨ બી પ્લોટ નં. ૪૦૪-૧ ખાતે રહેતા ૩૦ વર્ષિય વનરાજભાઈ વાળા છેલ્લા નવ માસથી ભાડે થી રહે છે અને એકસ પોઝીશન્સ એન્ડ કન્વેન્શન કંપની તરફથી ગાંધીનગર દાંડી કુટીરના એડમીન વિભાગમાં ફરજ બજાવે છે. વનરાજભાઈ સાંજના સુમારે કર્મયોગી ભવન ખાતે કામ અર્થે ગયા હતા તે તે સમયે દાંડી કુટીરના સિક્યુરીટી સુપર વાઈઝર હેમંતભાઈ મહેરીયાનો ફોન આવ્યો હતો અને કહ્યુ હતુ કે દાંડી કુટીર ગેટ નં. ૨ પાસે એક આઈ ટેન કાર નં.જી.જે.૧૮. એ.એમ.-૦૭૫૫ ના ચાલકે કાર પુર ઝડપે ગફલતભરી રીતે હંકારી વિજપોલ પાડીને નુકશાન કર્યુ છે.




આઝાદીના ૭૪ વર્ષ પુરા થઈ રહ્યાં છે અને હજુ પણ આપણાં દેશમાં વસ્તી કૂદકેને ભૂસકે વધી રહી છે, પડોશી દેશોમાંથી ઘુસણખોરી વધી રહી છે અને ધર્માંતરણની બદી ગરીબોને ગુમરાહનકરી રહી છે. આ પરિસ્થિતિ પર કાબુ મેળવાય તે માટે નમો સેનાના રાષ્ટ્રીય મહાસચિવ તથા ગુજરાત પ્રભારી જનકસિંહ પરમાર તથા રાષ્ટ્રીય તેમજ ગુજરાત સંગઠનના હોદેદારો અને રાષ્ટ્રવાદી કાર્યકર્તાઓ દ્વારા કર્ણાવતી કલેક્ટરને આવેદન પત્ર આપવમાં આવ્યું હતું જેમાં વ્યક્ત દેશહિતની માંગણી રાષ્ટ્રપતિ તથા પ્રધાનમંત્રીને પંહોચે તેવી રજુઆત કરી હતી. આવેદનપત્રમાં નમો સેનાએ જે રાષ્ટ્રહિત અને જનહિતને અનુલક્ષીને પાંચ કાયદાઓની માંગણી છે જેમાં જનસંખ્યા નિયંત્રણ, ઘૂસપેઠ નિયંત્રણ, ધર્માંતરણ નિયંત્રણ, સમાન શિક્ષા અને સમાન નાગરિક સંહિતાનો સમાવેશ થાય છે.

# શક્તિપીઠ અંબાજી મંદિરમાં માઈભક્તે ૪૮ લાખની કિંમતનું ૧ કિ.લો. સોનું ભેટ આપ્યું

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શક્તિપીઠ અંબાજી લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું પરમ પવિત્ર કેન્દ્ર છે. યાત્રાધામ અંબાજીના વિકાસ માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલ દ્વારા વ્યાપક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. માઈભક્તોના દાનની સરવાણી વડે અંબાજી માતાજીના મંદિરના શિખરને સુવર્ણમય બનાવવામાં આવ્યું છે. ૬૧ ફૂટ સુધી શિખર સુવર્ણમયની કામગીરી પૂર્ણ થયેલ છે. જેમાં ૧૪૦ કિ.લો. ૪૩૫ ગ્રામ સોનાનો ઉપયોગ થયેલ છે. આજે તા.૧૦/૮/૨૦૨૧ના રોજ પાટણ જિલ્લાના બાલીસણા ગામના વતની અને અમેરિકામાં વસતા શ્રી મહેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ અને શ્રી હર્ષદભાઈ નટવરભાઈ પટેલ તરફથી રૂ. ૪૮ લાખની કિંમતનું ૧ કિ.લો. સોનું સુવર્ણ શિખર માટે મંદિરને ભેટમાં મળ્યું છે.